# લંગ કેન્સર અવેરનેસ મંથ : તા.૧ થી ૩૦ નવેમ્બર



ગાંધીનગર, તા.૨૫

ફેફસાના કેન્સર માટે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા દર વર્ષે નવેમ્બર મહિનાને લંગ કેન્સર અવેરનેસ મંથ તરીકે ઉજવવામાં આવે છે. ફેફસાના કેન્સરના કેસ સૌથી વધુ જોવા મળે છે. જો કે એમાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે ફેફસાનું કેન્સર શરૂઆતના સ્ટેજમાં ઓળખી શકાતું નથી. નેવું ટકા કિસ્સામાં કેન્સરના દર્દીને બીડી, સિગારેટ, ગુટકા જેવી તમાકુવાળી વસ્તુઓની કુટેવ હોય છે. આ ઉપરાંત અન્ય કારણોમાં રાસાયણિક ફેકટરીમાં કામ કરવાથી અથવા પ્રદુષણવાળા વિસ્તારમાં રહેવાથી પણ ફેફસાનું કેન્સર થાય છે. કોઈ પણ રીતે સ્મોકીંગનો ધુમાડો અંદર જવાથી કેન્સરનો ભોગ બની શકાય છે. ફેફસાનાં કેન્સરનું નિદાન મોડુ થાય છે અને કદાચ એ કારણે જ તેની સારવારમાં વિલંબ થાય છે. તેથી જો સમયસર તેના કારણો ઓળખી શકાય તો કેન્ટરને અટકાવી શકાય છે. અને દર્દીને રાહત મળે છે. જો કે ફેફસાનું કેન્સર ધરાવતાં તમામ લોકો ધુમ્રપાન કરતા હોય છે તે જરૂરી નથી. ફેફસાનાં કેન્સરથી પીડાતા દર્દીઓમાં કેટલાક દર્દીઓમાં એવા હોય છે જેમણે પહેલા ધુમ્રપાન કર્યું હોય, જયારે કેટલાક એવા હોય છે જેમણે કયારેય ધુમ્રપાન કર્યું જ નથી. છતાં આ રોગથી પીડાય છે.

# લો બોલો..પરવાનગી વગર વૃક્ષો કાપી નાખનારને પ્રકૃતિપ્રેમીએ ટોકતા દાદાગીરી પર ઉતરી આવ્યાં

**કલોલના રેલવેપુરામાં અમરપાર્ક સોસાયટી ખાતે એક શખ્સ દ્વારા અંદાજે ૧૭ જેટલાં વર્ષો જુના લીલાછમ વૃક્ષો કોઈપણ જાતની પરવાનગી વગર કપાવી નંખાયા : પ્રકૃતિ પ્રેમી પડોશી પરિવારે વિરોધ કર્યો હતો દાદાગીરીથી અવાજ દબાવવા કોશિષ**

ગાંધીનગર તા.૨૫

એક તરફ પર્યાવરણ બચાવવા માટે વૃક્ષોના જતન અને ઉછેર માટે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ જાગૃતિ અભિયાનો ચલાવી રહી છે અને વૃક્ષારોપણના કાર્યક્રમો કરી રહી છે જ્યારે બીજી તરફ ગાંધીનગર જિલ્લાના કલોલના રેલવેપુરામાં અમરપાર્ક સોસાયટી ખાતે એક શખ્સ દ્વારા અંદાજે ૧૭ જેટલાં વર્ષો જુના લીલાછમ અને ઘટાદાર વૃક્ષો કોઈપણ જાતની મંજૂરી કે પરવાનગી વગર કાપી નાંખવાની ઘટના સર્જાવવા પામી છે. આ લીલાછમ વૃક્ષો તેણે પોતાના દીકરાના લગ્ન આવી રહ્યા હોવાને કારણે નડતરરૂપ થશે તે ઈરાદે કાપ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે અને જ્યારે તેની આસ પડોશના અન્ય રહીશોએ આ વૃક્ષોના નિકંદન અંગે વિરોધ કરતાં તેમની સાથે તુમાખીભર્યું અને દાદાગીરી ભર્યું વર્તન કર્યુ હોવાની લેખિત ફરિયાદ એક રહીશ દ્વારા મામલતદારને આપવામાં આવી છે. કલોલ ના રેલવેપુરામાં અમરપાર્ક સોસાયટી ખાતે મનોજભાઈ શનાભાઈ સેલત નામના શખ્સ દ્વારા તાજેતરમાં સોસાયટી કમ્પાઉન્ડમાં કોમન પ્લોટની પાસેના ૧૦ફૂટના રોડની સાઈડમાં વર્ષોથી ઉછરેલા કેટલાક વૃક્ષો જેમાં એક પીપળો, ૧૧ લીમડા એક ગોલમાલ કણજા અને અન્ય વૃક્ષોનો સમાવેશ થાય છે તેને કપાવી નાંખતા સોસાયટીમાં હોબાળો મચી જવા પામ્યો હતો. આ વૃક્ષો કાપવાની ઘટના સર્જાય ત્યારે મનોજ શેલતના પડોશી નિલેશકુમાર ચિમનભાઈ કાપડિયા પોતે નોકરી પર હતા પરંતુ તેમના ધર્મ પત્ની અને ઘરના અન્ય સભ્યોએ વૃક્ષો કાપવાના હિલચાલનો વિરોધ કર્યો હતો પરંતુ મનોજ દ્વારા તેમને તોછડી અને અસભ્ય ભાષામાં ઉતારી પાડીને વૃક્ષો કાપવાનો અટકાવવા ધરાર ઈંકાર કરી દેવામાં આવ્યો હતો. સમગ્ર ઘટના અંગે નિલેશકુમાર કાપડિયાને જાણ થતા તેમણે કલોલ મામલતદાર કચેરી ખાતે મામલતદાર સમક્ષ લેખિત ફરિયાદ આપીને પરવાનગી વગર વૃક્ષો કાપવા બાબતે પગલા ભરવા અનુરોધ કર્યો છે. પ્રકૃતિપ્રેમી નિલેશ કાપડીયાના જણાવ્યા અનુસાર આ વૃક્ષો પૈકીના મોટાભાગના વૃક્ષો તેમના પ્રકૃતિપ્રેમી પિતા ચીમનભાઈ નાથાલાલ કાપડિયા દ્વારા વર્ષો અગાઉ પર્યાવરણના જતન અર્થે વાવવામાં આવ્યા હતા જેનું તેઓ અને સોસાયટીના સભ્યો દ્વારા જતનપૂર્વક ઉછેર કરવામાં આવ્યો હતો જેના કારણે આ વૃક્ષો ઘટાદાર બન્યા હતા. નિલેશ કાપડિયાના જણાવ્યા અનુસાર સમગ્ર ઘટના અંગે તેમણે મામલતદાર કચેરી ઉપરાંત વન વિભાગની કચેરી તેમજ કલોલ નગરપાલિકાને પણ જાણ કરી છે



પરંતુ હજુ સુધી આ ઘટનાને કોઈ પગલાં લેવાયા નથી. આ વૃક્ષો પર અસંખ્ય પક્ષીઓ અને ખિસકોલીઓનો વસવાટ હતો જે નિરાધાર થઈ જવા પામ્યા છે. વૃક્ષોના નિકંદનની ઘટના બાબતની જાણ ગાંધીનગર જિલ્લાના પ્રકૃતિ પ્રેમીઓ તેમજ પર્યાવરણ બાબતે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓને જાણ થતા રોષની લાગણી પ્રગટવા પામી છે અને અને જો તંત્ર દ્વારા આ બાબતે સખત પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# સુરક્ષાદળોના વેલ્ફેર માટે અદાણી અમદાવાદ મેરેથોનની છઠ્ઠી સિઝનનું આયોજન

**આ મેરેથોનમાં આર્મી, નૌસેના અને વાયુસેનાના ૧૫૦૦ જેટલા જવાનો દોડશે : દંગલ ક્વિન ગીતા ફોગાટ અને ભારતીય હોકી સ્ટાર રાની રામપાલ મેરેથોનનું ફ્લેગ ઓફ કરશે**

ગાંધીનગર, તા. ૨૫


એઈમ્સ સર્ટિફાઈડ અદાણી અમદાવાદ મેરેથોનનું છઠ્ઠીવાર આયોજન થઈ રહ્યું છે. આ વખતે મેરેથોન તા. ૨૭ નવેમ્બર ૨૦૨૨નાં રોજ યોજાશે. આ મેરેથોનનું ફ્લેગ ઓફ ૨૦૧૦માં ફ્રીસ્ટાઈલ રેસલર અને કોમનવેલ્થ ગેમ્સમાં રેસલિંગમાં ભારત માટે પ્રથમ ગોલ્ડ જીતનાર દંગલ ક્વિન ગીતા ફોગાટ તથા ભારતીય મહિલા હોકી ટીમની સ્ટાર ખેલાડી રાની રામપાલ, એર માર્શલ વિક્રમ સિંઘ (વીએસએમ, કમાન્ડિંગ ચીફ, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ), મેજર જનરલ મોહિત વાધવા (જનરલ ઓફિસર કમાન્ડિંગ) અને કારગિલ યુદ્ધના વેટર્ન તથા ભારતના પ્રથમ બ્લેડ રનર એવા દોડના એમ્બેસેડર મેજર ડી.પી.સિંઘની હાજરીમાં કરવામા આવશે. આ મેરેથોન ભારતીય સુરક્ષાદળોના સમર્થનના મિશનને આગળ વધારવાનો એક ભાગ છે, જેમાં સ્પર્ધકોને ભાગ લેવા માટે એક અલગ પ્લેટફોર્મ મળશે. આ ઉપરાંત લોકો ભારતીય સુરક્ષાદળોના વેલફેર માટે જેટલી પણ રકમનું દાન કરવા ઈચ્છે તે કરી શકશે.આ મેરેથોન થકી દ્વારા ભેગું કરાયેલ ફંડ આર્મ ફોર્સિસના વેલફેર પ્રોગ્રામ જેમાં ભારતીય આર્મી અને ભારતીય નૌસેનાના ફંડ તથા સુરક્ષાદળોમાં સેવા આપી રહેલા સભ્યો માટે ઊભા કરાયેલા વિશેષ હોસ્પિટલ અને રિહેબલિટેશન સેન્ટર્સ જેઓ સેવા દરમિયાન ગંભીર ઈજાઓનો ભોગ બનેલા જવાનોને આજીવિકા માટે યોગ્ય વિકલ્પ કે વ્યવસ્થા કરી આપે છે.અમદાવાદ મેરેથોન દ્વારા Bib અને ફિટનેસ એક્સપોનું તા. ૨૫ અને ૨૬ નવેમ્બર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક જ સ્થળે મોટા સ્તરે શ્રેષ્ઠ ફિટનેસ બ્રાન્ડ જોવા મળશે.



શ્રી શિવશક્તિ મંદિર, સેક્ટર-૫-એ ખાતે આનંદનો ગરબો પ્રાગટ્ય દિન નિમિત્તે શ્રી રાધાકૃષ્ણ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો. આ અવસરે મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# યુએસએના જૈન દેરાસરની મૂર્તિઓનો કોબા ખાતે ભવ્ય અંજનશલાકા મહોત્સવ

**રાષ્ટ્રસંત જૈનાચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં ભવ્યાતિભવ્ય મહોત્સવ : વોશિંગ્ટન ડી.સીની ધરતી પર સ્થાપિત થનારી આ મૂર્તિઓ ૧૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામી છે.**



ગાંધીનગર, તા. ૨૫

ભારતીઓ અને ભારતીય સંસ્કૃતિનો વ્યાપ આજે વિશ્વના પ્રાય: દરેક ખૂણા થતો જઈ રહ્યો છે. ભારતની પ્રતિભાઓ આજે ટોચના ગણાતા દેશોમાં રાજનૈતિક, ઈકોનોમિ, પ્રતિષ્ઠિત કંપનીઓ વગેરેના મહત્વપૂર્ણ હોદ્દાઓ ઉપર જોવા મળી રહ્યા છે. લાખો ભારતીયો વિદેશમાં સ્થાયી થયા છે. પોતાની પરંપરાગત ધર્મસંસ્કૃતિ જાળવી રાખી છે. એટલુંજ નહીં પણ વિદેશના ધરતી પર વિકસાવી પણ છે.તેનું તાજુ ઉદાહરણ એટલે વોશિંગ્ટન, અમેરિકામાં નિર્માણ પામેલું ભવ્યાતિભવ્ય જૈન મંદિર. આ મંદિર જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટન વોશિંગ્ટન, યુ.એસ.એ. ખાતે આવેલ છે. જે વ્હાઈટ હાઉસથી માત્ર ૩૦ કી.મી.ના અંતરે છે. આ મૂર્તિઓનો રાષ્ટ્રસંત જૈનાચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવ કોબા જૈન તીર્થ ખાતે યોજાશે.

અમેરિકા ખાતે જેએસએડબલ્યુની ૧૯૮૦ સ્થાપના થઈ ત્યારે ૧૭૫ જૈન પરિવારો હતા. આજે ૬ એકરની જમીન પર જિનાલય, સ્થાનક, ઉપાશ્રય, શૈક્ષણિક, સામાજીક સંકુલ ઉભું કરવામાં આવી રહ્યુ છે. આ જિનાલયમાં પધરાવવા માચે મૂળનાયક શ્રી શંખેશ્વર પાશ્વનાથજી આદિ પ્રશાંત,વૈરાગ્ય, ભકિતભાવમાં તરબોળ કરી દેતી અદભુત ૨૩ પ્રતિમાજીઓ ભારત ખાતે ખાસ શિલ્પ વિધાન સાથે નિર્માણ પામી છે. આ પ્રતિમાઓનું ૧૦૦ થી લઈ ૭૦૦ કિલો છે. આ પ્રતિમાજીઓને અમદાવાદથી અમેરિકા લઈ જવા ખાસ વિમાનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મહોત્સવ અંગે વાત કરતા પૂ.પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હતું કે "જૈન ધર્મ ભારતીસ સંસ્કુતિ અને ભારતિય શિલ્પકળાનો પરિચય દુનિયાને આપ્યો.

એમની નિશ્રામાં પ્રતિમાનુ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની શરુઆત થશે. આ વિધિ પાંચ દિવસ સુધી ચાલશે." તેમણે ભારતીય પરંપરાના મહત્વ વિશે પણ જાણકારી આપી અને ભારતે વિશ્વને અનેક ભેટ આપી છે તે વિશે પણ વાત કરી હતી. જૈન અગ્રણી રીતેશ શાહ અને હેમલ શાહએ જણાવ્યું હતુ કે યુ.એસ.એ , યુ.કે, કેનેડા, ઓસ્ટ્રલીયા, અને બીજા દેશોમાંથી આશરે ૨૦૦ થછી વધુ પરિવારે ગુજરાતમાં કોબા ખાતે આ મહામહોત્સવમાં ભાગ લીધો છે.વોશિંગ્ટન ડી.સી. ખાતે બનનારા જિનાલયમાં ભારતથી ભણવા કે કામ અર્થે જતાં ભારતીયો માટે પણ રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

# પગાર અને હિસાબી ક્ચેરી ખાતે ઓડીટ જાગરુકતતા સેમિનાર



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના એકાઉટ્ન્ટ જનરલની કચેરી (ઓડીટ-૧), અમદાવાદના દ્વારા "ઓડીટ જાગરુકતતા સપ્તાહ"ના કાર્યક્રમ અતર્ગત ગાંધીનગર ખાતેની આર.એ.ઓ., કચેરી દ્વારા પગાર અને હિસાબી ક્ચેરી ખાતે તા.૨૩ નવેમ્બર,૨૦૨૨ ના રોજ એક સેમીનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. સેમીનાર હિસાબ અને તિજોરી નિયામક્ના તાલિમ પ્રભાગ, બ્લોક નં.૧૯ , ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર યોજાયો હતો જેમાં એકાઉટ્ન્ટ જનરલની કચેરી વતી ગોપાલ મીના, ડીએજી તથા પવન સિંગલા, સિનિયર એ.ઓ., વીરેન્દ્ર ડૈલા, રેસીડન્ટ ઓડીટ ઓફિસર અને હિસાબ અને તિજોરી નિયામક આર.ટી.શાહના માર્ગદર્શન હેઠ્ળ સંયુક્ત નિયામક એ.કે. રાઠવા, મુખ્ય અતિથી તરીકે તથા એ. ડી. બારૈયા, હિસાબી અધિકારી હાજર રહ્યા હતાં. પગાર અને હિસાબી અધિકારી ડી.એન.બ્રમ્ભટ્ટ તથા ડી.એ.ગામેતી, હિસાબી અધિકારી તથા ટીમ પી.એ.ઓ., ગાંધીનગરનો સંપૂર્ણ સહયોગ દ્વારા સેમિનાર સંપન્ન કરવામાં આવ્યો હતો. વીરેન્દ્ર ડૈલા, રેસીડેન્ટ ઓડીટ ઓફિસર,ગાંધીનગર દ્વારા ભારતના મહાનિંયંત્રક અને એકાઉટન્ટ જનરલ કચેરીની સ્થાપના, ઈતિહાસ ,ઓડીટ્ની કાયદેસરતા-જરૂરીયાત, ફરજ, સત્તાઓ, કામગીરી,ઓડીટ રીપોર્ટસ તથા ભારતીય લેખા પરીક્ષા અને લેખા વિભાગ ખાતાના માળખા વિશે વિગતવાર સમજણ આપી હતી. આ સેમીનારમાં પગાર અને હિસાબ કચેરી, ગાંધીનગર ખાતે લગભગ ૫૩ જેટલા ઉપાડ અને વહેંચણી અધિકારી તથા સંબંધિત કર્મચારીઓએ હાજર રહીને માર્ગદર્શન મેળવ્યું હતું. સેમીનાર સફળ અને દરેક ઉપસ્થિત અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા પ્રશંનીય રહ્યો હતો.

# આજે સંવિધાન દિવસ ઉજવાશે

**બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જ્યંતિ વર્ષે સંવિધાન દિવસનુ વિશેષ મહત્વ : ૨૦૧૫ થી ભારત સરકારે ૨૬મી નવેબરે સંવિધાન દિવસ ઉજવવાનો નિર્ણય કર્યો હતો**

ભારતના બંધારણના મહાન શિલ્પકાર ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જ્યંતિ નિમિત્તે પી.બી.શ્રીમાળી, નિવૃત્ત નાયબ નિયામક સમાજ કલ્યાણ એ બાબા સાહેબના મહત્વની અને તેમની ભૂમિકાની થોડી ઝલક રજૂ કરી છે.

નવેમ્બર-૨૦૧૫માં ભારત સરકારે ૨૬મી નવેમ્બરને બંધારણ દિવસ જાહેર કરેલ છે. ત્યારથી દર વર્ષે ૨૬મી નવેમ્બર સંવિધાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. લોકો સારા જાગૃત નાગરિક બને, બંધારણ વિશે જાણકારી મેળવે તે ઉદ્દેશથી સંવિધાન દિવસની ઉજવણી શાળાઓ, કોલેજો, મોટામોટા મેળાવડાઓ, સરકારી, અર્ધસરકારી કચેરીઓમાં બંધારણના આમુખનું વાંચન કરવામાં આવે છે અને માહિતગાર કરવામાં આવે છે.

ભારતના નાગરિક તરીકે સંવિધાન પ્રત્યે વિશેષ આદર હોય તે સ્વાભાવિક છે પરંતુ તે અંગેની જાણકારી હોય તો આદર પણ અસકારક બને માટેજ આજે તેના વિશે કેટલીક મહત્વની વિગતો રજુ કરવાનો પ્રયાસ છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરે બંધારણના પ્રારૂપને અંતિમ સ્વરૂપ આપવાનું કામ હાથમાં લીધુ એ પહેલાનો ઘટનાક્રમ અને એ સમયની પરિસ્થિતિનું સંક્ષેપમાં અવલોકન કરવું આવશ્યક છે.

૧૫મી ઓગષ્ટ, ૧૯૪૭ના દિવસે ભારત દેશ આઝાદ થયો અને ભારત-પાકિસ્તાન એમ બે અલગ રાષ્ટ્ર બન્યા. આઝાદીના બરાબર ૧૪માં દિવસે તારીખ ૨૯ ઓગષ્ટના રોજ બંધારણ સમિતિએ બંધારણનો મુસદો તૈયાર કરવા એક સમિતિની રચના કરી અને ડૉ.ભીમરાવ આંબેડકરની પ્રમુખ તરીકે વરણી કરી. બંધારણ સમિતિ અને બંધારણ ઘડવાની બાબતમાં ખુબ મનોમંથન ચાલ્યુ. ચર્ચાઓ થઈ બંધારણ મુસદ્દા સમિતિના પ્રમુખની પસંદગીને લઈ ટીકા-ટીપણીઓ થવા લાગી ત્યારે એ વખતે જવાબ આપતા સરદાર પટેલે કહ્યું કે "બંધારણ અંગે તમે શું જાણો છો? અમે આ કામને માટે સર્વોત્તમ વ્યક્તિને પસંદગી કરી છે."



બંધારણ મુસદ્દા સમિતિમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર સહિત સાત સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી, તેમાંથી એક સભ્યે રાજીનામું આપ્યું, એક સભ્યનું મૃત્યુ થઈ ગયુ, એક સભ્ય અમેરિકા જતા રહ્યા, એક સભ્ય દેશી રજવાડાઓના પ્રશ્નોમાં જે ગુંચવાયેલા રહ્યા જ્યારે બીજા એક બે સભ્ય સ્વાસ્થ્યને કારણે દિલ્હીથી દુર જ રહ્યા. આમ સાત સભ્યોમાંથી એકલા બાબાસાહેબ અને મુસદ્દા સમિતિના સલાહકારશ્રી બી.એન.રાવ પણ સંપૂર્ણ જવાબદારી આવી હતી. બંધારણ શ્રેષ્ઠ અને વિશિષ્ટ બને તે માટે ખુબ અભ્યાસ કરવાનો હતો તો સામે ઝડપથી રજુ કરવાની ખેવના હતી. માટે જ બંધારણ ઘડવામાં બાબાસાહેબને બેવડી ભૂમિકા ભજવવી પડી હતી. એક બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે અને બીજી દલિતોના હિતોના સંરક્ષક તરીક આ બેવડી ભુમિકાને સફળ બનાવવા માટે તેમણે રાત-દિવસ અથાગ પરિશ્રમ કર્યો. બધી જ પ્રક્રિયાઓ પૂર્ણ કરીને સ્વતંત્ર ભારતનું બંધારણ ૨ વર્ષ ૧૧ માસ અને ૧૦ દિવસમાં તૈયાર કરવામાં આવ્યું.

તેઓએ તમામ પછાતવર્ગો અને વિશેષત: અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓના સામાજિક આર્થિક ઉત્થાનની તકો મળી રહે તે માટે તલસ્પર્શી અભ્યાસ કરીને તથ્યોને સાવધાનીપૂર્વક બંધારણમાં સ્થાન આપ્યું છે. દા.ત.બંધારણની કલમો-૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૫, ૨૯, ૪૬, ૧૬૪, ૩૩૦, ૩૩૨, ૩૩૪, ૩૩૫ અને ૩૩૬ જોઈ જશો તો ખ્યાલ આવશે. તે પૈકી કલમ-૧૭ અસ્પૃશ્યતાને ખતમ કરવામાં આવી છે. કલમ-૧૬ અને ૩૩૫ સરકારી સેવાઓમાં અને સાર્વજનિક ક્ષેત્રોના ઉદ્યોગોમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓની નિમણૂંક, કલમ-૩૩૦, ૩૩૨, ૩૩૪માં સંસદ અને ધારાસભાઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિઓ માટે રાજનૈતિક અનામતનો પ્રબંધ.

અનુચ્છેદ-૨૩-આ કલમ મુજબ મનુષ્યના ખરીદ-વેચાન, ભીખ અને તેવા અન્ય લાદવામાં આવેલા કામ કરવાની કામદારોને મનાઈ કરે છે. એનું ઉલ્લંઘન કાયદાકિય રીતે દંડનીય અપરાધ છે. અનુચ્છેદ-૩૩૦ અને ૩૩૨ અનુક્રમે લોકસભા અને વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની અનામત અંગે છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, "જો આપણે બંધારણનું રક્ષણ કરવા માંગતા હોઈએ તો આપણે સંકલ્પ કરવો પડશે કે, જનતાનું જનતા દ્વારા જનતા માટેનું શાસન અને એ માટે આપણા માર્ગમાં જે બુરાઈઓ છે તે બુરાઈઓને સમજવામાં વિલંબ ન કરીએ અને એ બુરાઈઓને હટાવવામાં નિર્બળતા ન દાખવીએ. દેશની સેવા કરવાનો આ એક જ માર્ગ છે અને એનાથી વધારે સારા માર્ગનો મને પરિચય નથી."

ડૉ.બાબાસાહેબ આંબેડકર દલિત સમાજના નેતા નથી રહ્યાં પણ સમગ્ર રાષ્ટ્રના નેતા છે. વિશ્વના મહાન બંધારણ નિષ્ણાત તરીકે એમની ખ્યાતિ છે. કાઝી સૈયદ કમરુદિને ડૉ.આંબેડકરને અભિનંદન આપતા જણાવ્યું કે, "ડૉ.આંબેડકરને ભાવિ પેઢીઓ ભારતના બંધારણના મહાન શિલ્પકાર તરીકે ઓળખશે.